સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

યાદ આવ્યા પાંડુરંગ દાદા, 'માનવ ગૌરવ' જાગ્યું!
સુષુપ્ત સ્વાધ્યાય સભામાં ય માનવ ગૌરવ જાગ્યું!
સળવળ્યા ફરી સંસ્કારને માનવ ગૌરવ જાગ્યું!
પહોંચ્યું ઘરેઘર 'છાંપા'થી માનવ ગૌરવ જાગ્યું...

હાઈકુ

'ટાંટીયા ખેંચ'
નું બીજું નામ જ છે -
એકતા દિન...

લ્યા ! ભ્રષ્ટાચાર
બ્હાર ન આવે એમ -
ગુપ્ત તો કરો...!!

ચિંતન

મુક્તઃ યથાસ્થિતિ સ્વસ્થઃ કૃતકર્તવ્ય નિવૃત્તઃ ।
સમઃ સર્વત્ર વૈતૃષ્ણયાત્ ન સ્મરતિ અકૃતં કૃતમ્ ॥

ઉપરોક્ત શ્લોક ડીવાઈન સંસ્કૃત સુભાષિતમાંથી લેવામાં આવેલ છે.

મુક્ત પુરુષ જે કાંઈ હોય તે સ્થિતિમાં સ્વસ્થ છે, કરેલાં અને કરવાં જેવા કર્મોથી નિવૃત્ત છે. (સુખી-સંતોષી છે), સર્વત્ર સમતા જાળવે છે અને તૃષ્ણા રહિત થઈ, કરેલું તેમ જ ન કરેલા કર્મોને યાદ કરતો નથી.

મુક્ત પુરુષ યદચ્છાલાભ સંતુષ્ટ : હોય છે, અહીં તેને યથાસક્તિ સ્વસ્થ : કહ્યો છે. રાજા હોય કે રંગ, એ સ્વસ્થ જ રહે છે, શાંત રહે છે, સમતા જાળવે છે. સારી પરિસ્થિતિથી છકી જતો નથી તો વિકટ પરિસ્થિતિમાં અકળાઈ જતો નથી. તે કર્મો કરે છે જરૂર પણ કર્તાભાવ વિના. તૃષ્ણારહિત જ્ઞાની કરેલાં અને ન કરેલાં કર્મોને યાદ યાદ કરતો નથી. જ્યાં તૃષ્ણા નથી, જ્યાં અહંભાવ અને કર્તા ભાવ નથી, ત્યાં કર્મો પણ નથી. તેથી મેં આ કર્યું ને આ ન કર્યું, એવું યાદ કરવાનો પ્રશ્ન જ નથી.

સુવિચાર

- બહુત સરલ હૈ, કિસી કો પંસદ આના... કઠિન તો હૈ, હંમેશા પસંદ બને રહેના - **નિરાલા**
- દુખી થવાનો ઉપાય : સંપૂર્ણતા માટે સતત મથામણ કર્યા કરવી તે છે - **ફેલ્સી જહોન**
- સાચું અને સારું જો આપણામાં નહીં તો બીજે ક્યાંક નહીં - **એસ. ભટ્ટાચાર્ય**
- સમયના ઉપયોગ પરથી જ મનુષ્યના આત્માની પરખ થાય છે - **અખંડ આનંદ**
- જીવન નામની આ ઘટનામાં અચરજ અનેક છે... ફરિયાદી, આરોપી, સાક્ષી હું એક, અને ન્યાય કરનારા દરેક છે - **મુસાફીર પાલનપુરી**
- મંદિર સુધી પહોંચવું એ તનનો વિષય છે,
  પરંતુ પરમાત્મા સુધી પહોંચવું, એ મનનો વિષય છે - **એસ.ભટ્ટાચાર્ય**
- આજનું ઔષધ : પરવળ, અથવા કારેલા જેવા શાક ઘીમાં તૈયાર કરી ખાવાથી આંખોની બળતરા મટે છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

ત્રીસેક વર્ષનો યુવાન તેમના પત્ની સાથે બહારગામ જવા માટે ટ્રેનની રાહ જોતા પ્લેટફોર્મ પર બેઠા હતા. તેમની બાજુમાં એક વડીલ પણ આવીને બેઠા. વડીલે થેલીમાંથી રામાયણ કાઢ્યું અને શ્રદ્ધાપૂર્વક વાંચવા લાગ્યા. યુવાનને આશ્ચર્ય થયું. તેણે પોતાના જ્ઞાનનું ડહાપણ વડીલને સંભળાવતા કહ્યું, 'અત્યારના જમાનામાં આવા જૂનવાણી પુસ્તકો શું વાંચવાના? અત્યારે તો વેબસાઈટ પર નવી નવી કેટલી બધી જ્ઞાનની વાતો જાણવા મળે છે. રામાયણ આપણે ટીવીમાં જોઈ ચૂક્યા છીએ. તમે હજી એ જૂના પુરાણા ગ્રંથમાંથી શું જ્ઞાન મેળવી રહ્યા છો?' વડીલને યુવાનની વાતોનો કોઈ પ્રતિસાદ આપવો વ્યાજબી ન લાગ્યો. તેઓ પોતાની રામાયણ વાંચનમાં મસ્ત રહ્યા. થોડીવારમાં ટ્રેન આવી. અફડાતફડી સર્જાઈ. વડિલ ધક્કામુક્કીમાં પણ ડબ્બામાં ચડી જાય છે. જ્યારે યુવાન ભીડમાં પોતાનો માર્ગ બનાવી એકલો ચડી જાય છે. એક મિનિટમાં ટ્રેન ઉપડે છે. અને તરત પેલો યુવાન બુમાબુમ કરી મુકે છે. 'મારી પત્ની પ્લેટફોર્મ પર જ રહી ગઈ છે.' અને સાંકલ ખેંચી ટ્રેન ઊભી રખાવીને પત્નીને શોધે છે. બધુ સુખરુપ થાય છે ત્યારે વડીલ રામાયણનો પ્રસંગ યુવાનને કહે છે કે રામાયણ તમે ધ્યાનથી જોઈ કે વાંચી હોત તો આવું ન થાય. રામાયણમાં એક વખત સીતા માતાને પહેલાં રથમાં ચડાવીને પછી પોતે રથમાં બેસી વનવાસ પ્રસ્થાન કરે છે. અને બીજીવાર કેવટની હોડીમાં બેસતી વખતે રામ પહેલાં સીતા માતાને હોડીમાં બેસાડે છે. જો તમે રામાયણ વાંચી હોત અને તેનો અમલ કર્યો હોત.' યુવાનને શરમ આવી.

ધર્મના નામે હિંસા વખોડવી જરૂરી

તંત્રીસ્થાનેથી...

ધર્મ કદી હિંસાને પ્રોત્સાહન આપી જ ન શકે. વિનોબાએ કહ્યું હતું એમ ધર્મ કદી જર્મ સામે લડી શકે જ નહીં. એ કામ તો અધર્મનું છે. ફ્રાંસ જેવા સુસંસ્કૃત દેશમાં ઈસ્લામ અને મહંમદ પયંગબરના નામે જે ક્રૂર કત્લેઆમની ઘટનાઓ બનતી રહે છે એને કોઈ પણ માપદંડથી ઉચિત ન ગણી શકાય. પરંતુ રૂઢિચુસ્ત મુલ્લાંઓ પરંપરાનો હવાલો આપી અબુધ યુવાનોને હિંસાના માર્ગે વાળતા રહે છે, જેનો ભોગ ક્યારેક કાર્ટૂન પત્રિકાના તંત્રી બને છે તો ક્યારેક એ કાર્ટૂનો વિશે વિદ્યાર્થીઓને માહિતી આપતા શિક્ષક. ફ્રાન્સના નાઈસ શહેરમાં ચર્ચમાં એક ફૂટ લાંબો છરો લઈને ઘૂસેલો માથા ફરેલ યુવાને જોતજોતામાં બે મહિલાઓ અને એક પાદરીનો શિરચ્છેદ કરી 'અલ્લાહુ અકબર' ના નારા લગાવી પોતે જાણે મોટું પુણ્યકાર્ય કરી નાખ્યું હોય એવો જેહાદી માહોલ ઊભો કરી દીધો ત્યારે નાછૂટકે ફ્રાંસના રાષ્ટ્ર પ્રમુખ ઈમાનુએલ મેક્રાંએ 'ઈસ્લામિક આતંકવાદ' સામે કઠોર ભગલાં ભરવાનું આકરું નિવેદન કરવું પડ્યું હોય તો એમાં આખી દુનિયાના મુસલમાનોએ ઈસ્લામના નામે એમનો વિરોધ કરવા મેદાનમાં ઊતરવાની જરૂર નહોતી. ઊલટાનું એમને ઈસ્લામના નામે થતી હિંસા અટકાવવા વધુ કડક પગલાં ભરવા પ્રોત્સાહિત કરવા જોઈતા હતા. એને ઠેકાણે ભારતના કટ્ટરપંથી મુસ્લિમોએ પણ ફ્રાંસના પ્રમુખ સામે મોરચો માંડ્યો છે. આ વલણ વખોડવા લાયક જ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ફ્રાંસના રાષ્ટ્રપતિની ઝુંબેશને નૈતિક સમર્થન આપી એક શાંતિપ્રિય રાષ્ટ્રને નેતાને છાજે એવું પગલું ભર્યું છે. અફસોસની વાત છે કે મુન્નવર રાણા જેવા પ્રસિદ્ધ શાયર કટ્ટરવાદી ધર્માંધતાનું સમર્થન કરવા મેદાને પડ્યા છે. એમને ધર્મ અને ઈશ્વર જીવન કરતાં વધુ અગત્યના લાગે છે. ધર્મ નિંદા કરનારની હત્યાને એ વાજબી ગણે છે. આ પ્રકારની ઓર્થોડોક્સ માનસિકતા ધરાવતો વર્ગ દુનિયા માટે, સમગ્ર માનવજાત માટે ખતરનાક ગણાવો જોઈએ - પછી એ મુસલમાન હોય કે અન્ય કોઈ અન્ય ધર્મના વ્યક્તિ. છેલ્લાં વર્ષો દરમિયાન ઈસ્લામના નામે કેટલું લોહી વહ્યું છે, કેટલા નિર્દોષ લોકોનાં માથા વઢાયાં છે એનો હિસાબ માંડવામાં આવે તો જરૂર સમજાય કે દુનિયાભરમાં આ સંપ્રદાય વિશેષ પ્રત્યે મોટા ભાગના લોકો સૂગ કેમ રાખવા લાગ્યા છે. ઘટના ફ્રાંસની છે, ફ્રાંસની બિનસાંપ્રદાયિક સરકારને એના અભિવ્યક્તિના સ્વાતંત્ર્યનું મહત્ત્વ છે. એ અભિવ્યક્તિ કોઈ ધર્મ કે ધર્મગુરુ પ્રત્યેનો કટાક્ષ પણ હોઈ શકે છે. હિંદુસ્તાનમાં દેવાધિદેવ મહાદેવથી લઈ પૂર્ણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણ અને અખંડ બ્રહ્મચારી વાયુપુત્ર હનુમાન વિશે કેટકેટલા ઠઠ્ઠા ચિત્રો દોરાય છે, છતાં અહીં એને કોઈ ગુના નથી ગણતું. એમ.એફ. હુસેને એમની આધુનિક ચિત્રકલામાં હિંદુ દેવીઓને નિર્વસ્ત્ર બતાવી ત્યારે એણનો વિરોધ કરનાર કટ્ટરવાદીઓ પ્રત્યે સરેરાશ હિંદુનો રોષ હતો. કલાકારને એની કલાની અભિવ્યક્તિ કરવાની સ્વતંત્રતા છે. આપણે દૃષ્ટિકોણ સંકુચિત ન હોવો જોઈએ. પરંતુ એ જ હુસેને પયગંબરનું ચિત્ર દોરવાની હિંમત કરી હોત તો જરૂર એમના માથા પર કરોડોની બોલી બોલાઈ હોત. ધર્મને ધીમું ઝેર કહેનારા બર્ટ્રાન્ડ રસેલ સાચા નથી લાગતા શું?

હિન્દુ ઉત્તરાધિકારી અધિનિયમ એક્ટની સમજૂતી

કાયદો અને કાનૂન
અશ્વિન ત્રિવેદી

ભારતીય ઉત્તરાધિકારી એક્ટ ની કલમ : ૬૩ મુજબ જ્યારે વારસાઈના બંને સાક્ષીઓ મૃત્યુ પામ્યા હોય ત્યારે તે સાબિત કરવા માટે પૂરતું છે કે હાજર રહેલા ઓછામાં ઓછા સાક્ષીનું સત્યાપન તેના લેખિતમાં હોય ત્યારે બંને સાક્ષી હાજર રહી સહી કરી હોય અને બંને સાક્ષીઓ મૃત્યુ પામ્યા હોય ત્યારે ચકાસણી કરવી જરૂરી નથી, પરંતુ તે ચકાસણી બંને સાક્ષીઓ દ્વારા પ્રમાણિત કરવામા આવેલી હોવી જોઈએ.

વારસાઈ એક્ટ ૧૯૫૫માં અમલમાં આવ્યો હતો. હિન્દુ સક્સેશન એક્ટ ૧૯૫૬માં આવ્યા પહેલા અને પછી હિન્દુ વારસાઈ બનાવવાની શક્તિની તપાસ કરી છે. જે ૧૯૫૫માં હિન્દુ નિબંધ ઉપરથી અમલમાં આવેલ હોવાનું માનવામાં આવી રહ્યું છે.

ભારતીય ઉત્તરાધિકારી અધિનિયમ, ૧૯૨૫ પહેલા કોર્ટે એવું અવલોકન કર્યુ હતું કે, આવા કિસ્સામાં કાર્યવાહી કરતો કોઈ ખાસ કાયદો અમલમાં ન હતો. અગાઉ ૧૮૬૫નો સક્સેશન એક્ટ હિન્દુઓને લાગુ પડતો ન હતો. ૧૮૭૦નો હિન્દુ વિલ્સ એક્ટ મદ્રાસ શહેરમાં હિન્દુઓની વારસાઈને લાગુ પડતો હતો.

૧૯૨૫ના ભારતીય સક્સેશન એક્ટ પસાર કર્યા પછી એક હિન્દુ દ્વારા વારસાઈના અમલને ૧ જાન્યુ. ૧૯૨૭ થી નિયમન કરવામાં આવ્યું હતુ. હિન્દુ દ્વારા ચલાવવામાં આવેલી સામાન્ય વારસાઈના કિસ્સામાં કલમ : ૬૩ આવશ્યક છે. જેમાં ઓછામાં ઓછા બે સાક્ષીની સહી ફરજીયાત હતી અને વારસાઈની ચકાસણી માટે ફરજ પડે છે. જે સામાન્ય વીલ છે તે પ્રત્યેક વ્યક્તિ કરી શકે છે સિવાય કે વિશેષાધિકૃત વિલ બનાવવાનું હોય.

સંયુક્ત પરિવારના સભ્યોની જેની પોતાની અલગ સંપત્તી છે તે હિન્દુ સક્સેશન એક્ટ પહેલા પણ તેની અલગ મિલકતોની વસીયત લખી શકે છે. જો તે સંયુક્ત કુંટુંબની મિલકત હોય તો તે શક્તિ ત્રણ શરતો ઉપર આધારિત હતી. જ્યાં કુંટુંબ સંયુક્ત રહે છે. તે કિસ્સામાં સામાન્ય રીતે વારસદારનું પોતાનું હિત હશે. જ્યાં સુધી આ હિતની વાત છે ત્યાં સુધી તે હિન્દુ ઉત્તરાધિકાર અધિનિયમ પહેલા વારસદારનો વિષય બની શકતો ન હતો.

પરંતુ જે સ્થિતિમાં ટાઈટલ અવરોધ રૂપ છે અથવા તેવી પરિસ્થિતિમાં કોઈ વિભાજન થયું હોય એટલે કે સંયુક્ત કુંટુંબના કિસ્સામાં ભાગલાના અર્થમાં વિભાજન હોય જે તે જ અનુગામી દ્વારા કરવામાં આવેલી સ્પષ્ટ ઘોષણાને કારણે હોય, આ વિભાજન આચરણ કે શબ્દને કારણે હોઈ શકે છે. આ પાર્ટીશનમાં કેસ ફાઈલ કરવાથી પરિણમી શકે છે. જ્યારે આમાં વિક્ષેપ થાય છે ત્યારે સંયુક્ત કુંટુંબની સંપત્તિમાં સમાન વારસોનો હિસ્સો વાસ્તવિક બની જાય છે. આ કાયદા અને પરિવારના સભ્યોના અધિકાર અનુસાર નક્કર આકાર લે છે.

આવા કેસમાં પરિધ અને સરહદ વિભાગ સાથે વારાફરતી થઈ શકે છે અથવા ના પણ થાય આવા સંજોગોમાં હિન્દુ ઉત્તરાધિકાર અધિનિયમ પહેલાના કાયદા હેઠળ સંયુક્ત કુંટુંબમાં વિસર્જનની સલામતી દ્વારા જીવન ટકાવી રાખવાના સિધ્ધાંત પરનો અધિકાર વારસાનો હિસ્સો નિર્વિવાદ બની જાય છે.

હિન્દુ સક્શેશન એક્ટ પહેલા પણ હિન્દુઓ પાસે આવી સંપત્તિની વારસાઈની શક્તિ હતી જ. ૧૯૫૬માં હિન્દુ સક્સેશન એક્ટ લાગુ થયા પછી હિન્દુ સક્શેશન એક્ટ પસાર થયા પછી એક હિન્દુએ વિલને ચલાવવાની શક્તિ મેળવી. હિન્દુ અધિકાર અધિનિયમની કલમ : ૩૦એ એવી શક્તિ પૂરી પાડે છે કે કોઈ પણ હિન્દુ ઈરાદા દ્વારા અથવા અન્ય ઈચ્છા દ્વારા કોઈ પણ મિલકતનો નિકાલ કરી શકે છે, જે ભારતીય સક્સેશન એક્ટ ૧૯૨૫ અથવા અન્ય કોઈ કાયદાને લાગૂ પડે છે અને હિન્દુઓને લાગૂ પડે છે જે આ જોગવાઈ મુજબ મિલકતનો નિકાલ કરવા સક્ષમ છે.

આ જોગવાઈના અર્થઘટનમાં વધુ સ્પષ્ટતા કરવામાં આવી છે કે, મીતાક્ષર સહવર્ધક મિલકતના સભ્યની તારાવાડ, નવાઝિ, ઈલોત, કુટુમ્બા અથવા કવસની મિલકતમાં રસ હોય આ અધિનિયમ અથવા તે સમયે લાગુ અન્ય કોઈ કાયદામાં સમાવેલી કોઈપણ બાબત હોવા છતાં તે આ સંદર્ભમાં અર્થ દ્વારા અથવા તેની અંદર નિકાલ કરવા સક્ષમ સંપત્તિ તરીકે માનવામાં આવે છે. તેનો નિષ્કર્ષ એ છે કે હિન્દુ ઉત્તરાધિકારી અધિનિયમ દ્વારા લાવવામાં આવેલા, પરિવર્તન એ છે કે ભાગલાના અર્થમાં વિભાજન સિવાય પણ એક સમાન ઉત્તરાધિકારી દ્વારા બીજાના વિભાજન વિશે સંપ્રેષિત કરવા ઉપર એક હિન્દુ માટે સંયુક્ત પરિવારમાં પોતાના હિતોની વારસાઈનો વિકલ્પ ખુલ્લો છે. આ અધિનિયમ પહેલા હિત વારસાઈનો વિષય થઈ શકતો ન હતો.

હિન્દુ ઉત્તરાધિકારમાં જન્મથી જ સંયુક્ત કુંટુંબના સભ્યને મિલકતમાં વારસાઈ હક્ક પ્રાપ્ત થાય છે. પહેલા સ્ત્રીઓ પરણિત હોય તેને વારસામાં ભાગ મળતો ન હતો. તેનો હક્ક આપો આપ રદબાતલ ગણાતો પરંતુ ૨૦૦૫ પરણિત સ્ત્રીઓને પણ વારસાઈમાં પુત્ર સમાન સરખો જ ભાગ આપવાનો કાયદામાં સુધારો થતા સ્ત્રીઓને સમાન હક્ક મળતા થયા. આ અગાઉ સ્ત્રીઓને બાપીકી મિલકતમાં હક્ક લેવા માટે કોર્ટ કચેરીનો સહારો લેવો પડતો હતો, હવે આપો આપ જન્મથી જ આવો હક્ક પ્રાપ્ત થાય છે. જે મૃત્યુ બાદ તેના સંતાનોને આપોઆપ હસ્તાંતર થાય છે.

મો. ૯૮૨૫૪૫૦૧૯૧,
info@trivediassociates.in

દુનિયા આખીમાં મારે છે, ઘણું ઘણું જોવાનું....

WhatsApp ઓફ ધી વીક
નેહલ ગઢવી

દુનિયા આખીમાં મારે છે
ઘણું ઘણું જોવાનું,
શિયાળે ઠંડી છે શાને?
ગરમી કેમ ઉનાળે?
ચોમાસામાં ગાજવીજ શેં?
તણખો શાથી બાળે?
- ઝીણાભાઈ દેસાઈ 'સ્નેહ રશ્મિ'

અત્યારે આપણે સદીના સૌથી અઘરા સમયમાંથી પસાર થઈ રહ્યા છીએ. સમગ્ર વિશ્વમાં ભય, અજંબો, અનિશ્ચિતતા અને તકલીફો વ્યાપેલી છે. ત્યારે ઈશ્વરે ફરિયાદ કરવાને બદલે આવેલી પરિસ્થિતિને સ્વીકારીને તેને અનુકૂળ થઈને રહેવું વધુ મહત્ત્વનું છે. 'ઝરૂખે દીવા' પુસ્તકમાં લખેલી આ વાત આપણે સૌએ ધ્યાનમાં રાખવા જેવી છે :

"આ પણ પસાર થઈ જશે...

અનુકૂળતામાં, સુખમાં જયારે છકી જવાય અને પ્રતિકૂળતામાં, દુઃખમાં જયારે

ગભરાઈ જવાય ત્યારે સમતુલા અને સમભાવ જાળવવા એમ વિચારજો કે આ પણ પસાર થઈ જશે.

સર્વ સ્થિતિમાં, સુખમાં કે દુઃખમાં, ધનિક અવસ્થામાં કે નિર્ધન અવસ્થામાં, રોગી સ્થિતિમાં કે નિરોગી સ્થિતિમાં, પ્રસંશા પામતા હોય ત્યારે કે તિરસ્કૃત થતા હો ત્યારે, લાભ થયો હોય ત્યારે કે ખોટ જતી હોય ત્યારે આ એક જ સૂત્ર પર દૃષ્ટિ રાખજો કે, આ પણ પસાર થઈ જશે."

આપણી તકલીફોનાં રોદણાં રડવમાં આપણે ઈશ્વરે બક્ષેલી અદ્‌ભૂત ક્ષણોને માણવાની ચૂકી જઈએ છીએ. આપણને સતત તંદ્રામાંથી જાગૃત કરનાર કોઈ ગુરુની, ધર્મની જરૂર પડતી હોય છે. આપણે કુદરતે રસેચી આ સુંદર સૃષ્ટિના કૌતુકને ફરીથી માણતા બનીએ તો આપણામાં રોમાંચ આજીવન અકંબધ જળવાઈ જ રહે!

"આકાશ ભરીને ચાંદની વરસી રહી હતી. આસિસી ગામમાં ઊંચા મકાનો, મિનારાઓ, ઝરૂખાઓ ચંદ્ર નીચે નહાતા હતાં. ખળ ખળ વહેતાં ઝરણાની જેમ ચાંદની સડકો પરથી વહી જતી હતી. આસિસીના નગરજનો ભર ઊંઘમાં સૂતા હતા.

અચાનક આ રફિનોના દેવળમાંથી ઘંટનાદ થવા લાગ્યો. કોઈ આફત ચડી આવે ત્યારે જ તોતિંગ ઘંટ વગાડવામાં આવતો. ક્યાંક આગ લાગી કે શું? - એવા ભયથી બેબાકળા બનીને લોકો દેવળ ભણી દોડી આવ્યા. જોયું તો સંત ફ્રાંસિસ જોરશોરથી ઘંટ વગાડી રહ્યા હતા. માણસો સાદ પાડી ઊઠ્યા : 'શું થયું છે, પ્રભુ? ઘંટ શીદને વગાડો છો?'"

"જરા આંખો તો ઊંચી કરો!" સંતે ઉત્તર આપ્યો. "જુઓ તો ખરાં ચંદ્ર સામે ! ચાંદની કેવી ખીલી છે!"

આપણા જીવનમાં અનાયાસે આવેલી મહત્ત્વની વ્યક્તિઓ, અજાણતાં જ મળી ગયેલ કુદરતના સર્વશ્રેષ્ઠ સર્જન આ તમામનું મૂલ્ય સમજી તેની કદર કરતાં થઈશું તો ચોક્કસપણે જીવન વધુ સારી રીતે જીવી શકીશું. આપણે જે કંઈ પણ કરીએ એ ઈશ્વર પ્રત્યના અહોભાવના પરિણામ સ્વરુપે કરીએ તો તેનું મૂલ્ય ગમે તે હોય આત્મસંતોષ સંપૂર્ણપણે પામી શકાશે!

દરભંગા(બિહાર)માં દર વર્ષે દુર્ગાપૂજાનો મોટો મેળાવડો થાય છે. તેમાં પ્રતિ હૂમરી-ગાયિકા ગિરિજાદેવીને પણ આમંત્ર્યા હતાં. પણ કોઈ બાબતમાં કાર્યક્રમના આયોજકોની સાથે તેમને બોલાચાલી થઈ ગઈ એટલે એ લોકોએ તેમને કહ્યું "તમારો કાર્યક્રમ રાતના ચાર વાગ્યે થશે." અને ચાર વાગવા આવ્યા ત્યારે એમણે શ્રોતાઓને કહ્યું કે હવે કાર્યક્રમ પૂરો થયો છે, એટલે શ્રોતાઓ તો ચાલ્યા ગયા.

ગિરિજાદેવી મંડપમાં ગયાં ત્યારે ત્યાં કોઈ ન મળે. તેમને ઘણું દુઃખ થયું મંડપની સામે જ દુર્ગામાતાની મૂર્તિ હતી, બાજુમાં ભગવાન શિવનું મંદિર હતું. તે જ વખતે પ્રભાતની પૂજાની શરૂઆત થઈ. ઘંટ અને શંખના નાદ સાથે ગિરિજાદેવીના હૃદયના તાર ઝણઝણી ઊઠ્યા. તેમણે વિચાર્યું, લોકો સાંભળે કે ન સાંભળે, પણ ભગવાન તો સાંભળશે જ ને?

ગિરિજાદેવીએ દુર્ગામાતાની સામે બેસી આંખો બંધ કરીને તંબૂરના તાર છેડ્યા, અને તેની સાથે જ હૃદયના તાર પણ મળી ગયા. કોકિલ કંઠમાંથી રાગ અહિર ભૈરવ વહેવા માંડ્યો : "હે બેરાગી ! રૂપ ધરે મેરે મન ભાયે." ...અને જ્યાં આખો મંડપ ખાલી હતો ત્યાં ધીમે ધીમે ત્રણથી ચાર હજાર માણસો ભેગા થઈ ગયા. તે પછી તેમણે હૂમરીમાં "બાબુલ મોરા નૈહર છૂટી જાય અને જોગિયામાં જનની મેં ન જાઉં બિન રામ ભજન ગાયું. ગાતાં ગાતાં તેમની આંખમાંથી આંસુની ધાર વહેવા લાગી.

- nehalgadhavi101@gmail.com

બસ આપણે તો માસ્ક પહેરવાનો અને હાથ ધોવાના...

તન દુરસ્તી
મહેન્દ્ર ગજ્જર

(સમય, સ્થળ, તારીખ, વિધિ, નક્કી જ છે?)

(સારા સાચા માણસોની ભગવાનને નવી દુનિયા બનાવવા માટે જરૂર છે?)

(એનો અર્થ એ થાય અહીં એટલે પુણ્ય ઉપર રહેલા માણસો...)

આજે ગાંડાલાલ વહેલા આવી ગયા. એકલા જ બેઠા હતા. કાંઈક બોલતાહતા. કંઈક જ ખબર પડતી નથી. દુનિયામાં બધી જ જગ્યાઉપર આ કોરોના દર્દી ખૂબ જ પ્રમાણમાં વધી રહ્યા છે. ભારતની વાત અને દુનિયામાં ઘણા એવા દેશ છે. તો રોગનું નિદાન એકદમ ઝડપથી કરી દવાન ક્કી કરી નાખતા હોય છે. પણ આ કોરોના માટે લોકો એ હાથ ધોઈ નાખ્યા છે... કોણ જાણ શું થવાનું છે...?!

અચાનક નિમેષ આવ્યો. અરે ભાઈ ગાંડાલાલ આમ એકલા બેઠા બેઠા શું ગાંડા જેવું બોલો છો. કંઈક સમજાય એવું તો બોલો... ગાંડાલાલે કહ્યું અરે નિમેષ જયારથી આ કોરોના મને

થયો છે. ત્યારથી હું ગભરાઈ ગયો છું. જેને કોરોના થાય એને જ ખબર પડે કે કેવી બીક લાગે છે. અચાનક વિપુલ આવી ગયો. ગાંડાલાલ ધ્યાન રાખતા હોય તો. આપણને કોરોના કેમ થાય? અરે વિપુલ બોલવું સહેલું છે પણ કોરોના થાય એટલે ખબર પડે... ભાઈ હું પણ રોજ ઘરની બહાર માસ્ક વગર નહોતો નીકળતો. હાથમાં હાથ સાફ કરવા માટે બધી જ વસ્તુઓ લઈને નીકળતો પણ કોણ જાણે ક્યાથી મને કોરોના થઈ ગયો. એની મને ખબર નથી. બોલ વિપુલ.. એટલામાં ડાહ્યાલાલ આવી ગયાં. માફ કરજો આજે જરા આવવામાં માને વાર લાગી. થોડાક ઘરના પ્રશ્નો હતા. તે બંને ન્યાય આપ્યો.

અરે ગાંડાભાઈ આજે તમે કંઈક જુદા જ મૂડમાં હોય તેવું લાગે છે. શું વાત છે...!!

અરે ડાહ્યાભાઈ કંઈ વાત નથી પણ હવે ચિંતા થાય છે... શું થશે? અરે ગાંડાભાઈ કંઈ ચિંતા નહીં કરવાની.... બધું જ સારૂ થઈ જશે. પણ ડાહ્યાભઆઈ દુનિયામાં રોજ નવા નવા કેસ તો વધતા જાય છે. ગાંડાભાઈ પહેલા સમજી લો... દુનિયામાં જે કોઈ આવે છે તે બધાને સમય પૂરો થાય એટલે કોઈ ગ્રહમાં જવું જ પડે છે. ખબર નહીં આ બધા જ ગ્રહનું કોણ આયોજન કરે છે? કોઈને કંઈ ખબર નથી પણ બધા એને ભગવાન કહે છે. આપણને પણ વાંધો નથી. આપણે પણ એને ભગવાન કહીએ. જયારે તમે પૃથ્વી એટલે આ જમીન ઉપર આવો છો. ત્યારે તમારે આળવાનો સમય, સ્થળ, તારીખ અને તિથિ નક્કી જ હોય છે. એવી રીતે તમારે જવાનો સમય, તારીખ, તિથિ નક્કી જ છે. માટે તમારે ચિંતા કરવાની જરૂર નથી. એ નક્કી કરશે તમારો ભગવાન. ગાંડાલાલ આ પૃથ્વી પર હવે વધારે તકલીફ છે. માણસો ભગવાન કરતા આગળ નીકળતા જાય છે. ભગવાને બતાવી દીધું. લો કરો સારા અને સાચા માણસોની ભગવાનને વધારે જરૂર છે. તે સારા માણસોને દુનિયાથી દૂર નવા ગ્રહ બનાવે છે. તેથી સારા માણસોની તેને જરૂર વધારે છે.

એનો અર્થ એવો થાય કે અહીં દુનિયામાં બધાં જ નક્કામા માણસો રહી જશે? ના ગાંડાભાઈ તમારા જેવા સજ્જન માણસો તો છે જને ? તમે મારી પથારી ન ફેરવો. મને કોરોના શું થયો મારી તો હાલત ખરાબ છે. શું થયું એવું...?!

મને કોરોના થયો આજે પંદર દિવસ થયા. પહેલા ત્રણ ચાર દિવસ તો કંઈ ક જ ખબર ન પડી પછી તાવ આવ્યો. શરદી થઈ ગઈ. કંઈ તકલીફ ના હોય તો ટેસ્ટ કેવી રીતે કરાવ્યા? સરકારી દવાખાનામાં જઈને ઊભા રહો અને ખૂબ જ સહેલાઈથી ટેસ્ટ થઈ ગયા. કોરોનાનાં ટેસ્ટ પોઝીટીવ આવ્યા. ચાર દિવસ પછી તાવ આવ્યો. શરદી પણ થઈ. મારા ઘરમાં પણ બીજા ત્રણ જણાને થયો. ઘરમાં તકલીફ પડી પણ શું કરીએ. પછીના દિવસો ખૂબ જ તકલીફમાં ગયા. બહાર જવાનું નહીં. ડૉક્ટરો કોઈ તપાસવાની ના પાડે. જાણે આ દુનિયાથી સાવ જુદા થઈ ગયા.

નવમાં દિવસે મેં કોઈના કહેવાથી સીટી સ્કેન કરાવ્યો અને સાહેબ તેમાં ન્યુમોનિયા એટલે છાતીમાં કફ આવ્યો. નવમાં દિવસે સરકારી દવાખાનામાં દાખલ થઈ ગયો. તેમને દવા કરી. તેમા સ્ટીરોઈડ અને એન્ટી બાયોડીક દવા આપી અને ચાર દિવસમાં સારું થઈ ગયું. પણ શરીરમાં અશક્તિ લાગે છે. અને શ્વાસ લેવામાં તકલીફ પડે છે. આ તકલીફ ક્યાં સુધી રહે તેની કોઈને ખબર નથી.

જોવો ગાંડાભાઈ બધાં જ દુનિયાના દેશ પોતપોતાની રીતે કોરોના માટે મહેનત કરે છે. પણ કોરોના હાથમાં આવતો નથી. બધા જ દેશમાં તકલીફ છે. અમેરિકામાં ગયા અઠવાડિયામાં ૮૦,૦૦૦ કેસ એક દિવસમાં આવ્યા. આપણા દેશમાં અને આપણા રાજયમાં પણ ખૂબ જ છે. પણ ખબર નહીં સરકાર શું કરવા માંગે છે... જવા દો એમાં પડવા જેવું નથી. પણ એક વાત નક્કી છે. આખી દુનિયા એ ભેગા થઈ આ ચાઈનાને બતાવી દેવાની જરૂર છે. બધાને તકલીફ છે ખાલી ચાઈનાની કોઈને ખબર નથી. આવી નાલાયકી કેવી રીતે ચાલે. બધાએ ભેગા થઈને ચાઈનાને સાફ કરવું પડે.

ભારત કરતા પાકિસ્તાનમાં કોરોનાની ખાસ અસર નથી? ખબર નહીં પણ ત્યાં કાચું અને ગંદુ માસ ખાવાથી લોકોમાં કદાચ રોગપ્રતિકારક શક્તિ વધારે હોઈ શકે. પણ ભાઈ આપણે શું કરવાનું?

બસ આપણે તો માસ્ક પહેરવાનો, હાથ ધોવાના, એનાથી વધારે આપણે શું કરી શકીએ?